RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૫૭૮ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો ધ્વારા કમિશ્નરશ્રી, સુ.મ.ન.પા.ને સંબોધીને, મધ્યસ્થ કચેરી, સુ.મ.ન.પા., સુરત ખાતે રૂબરૂમાં લેખિત રજુઆત–અરજીઓ આપેલ, જે આપની કચેરીમાં ઈનવર્ડ નં. ૬૦૪૨, ૬૧૬૮, ૬૧૭૦, ૬૪૨૧, ૬૫૪૬,૬૬૯૬,૬૬૯૭ મુજબ નોંધાયેલ છે, તે તમામ (૭) અરજીઓ અનુસંધાને મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા કરાયેલ કાર્યવાહી કે જે તે અરજી ઉપર કરાયેલ રીમાર્ક તથા ત્યારબાદ જે તે અધિકારીઓ ધ્વારા આજસુધી થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી વિ.મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) અમો ધ્વારા કમિશ્નરશ્રી, સુ.મ.ન.પા.ને સંબોધીને, મધ્યસ્થ કચેરી, સુ.મ.ન.પા., સુરત ખાતે રૂબરૂમાં લેખિત રજુઆત–અરજીઓ આપેલ, જે આપની કચેરીમાં ઈનવર્ડ નં. ૬૦૪૨,૬૧૬૮,૬૧૭૦, ૬૪૨૧, ૬૫૪૬,૬૬૯૬,૬૬૯૭ મુજબ નોંધાયેલ છે, તે તમામ (૭) અરજીઓ અનુસંધાને મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા કરાયેલ કાર્યવાહી કે જે તે અરજી ઉપર કરાયેલ રીમાર્ક તથા ત્યારબાદ જે તે અધિકારીઓ ધ્વારા આજસુધી થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી વિ.મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી)ના પત્ર નં. સી/૨૩૭૭ તા. ૩–૧–૧૨, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)ના પત્ર નં. ટી.ડી.ઓ/૪૮૦,૪૩૮૩, ૪૦૪૦ અનુક્રમે તા. ૧૨–૧–૧૨,૧૧–૧–૧૨, ૨૧–૧૨–૧૧ તથા વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિભાગ)ના પત્ર નં. વીઆઈડી/૧૯૪૬ તા. ૧૩–૧–૧૨થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા** વધુમાં ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીને અરજદારને પાઠવેલ તેમના પત્ર નં. ટીડીઓ–૪૯ તા. ૧૯–૧૨–૧૧ની નકલ મોકલવા તથા જાહેર માહિતી અધિકારી અને વીજીલન્સ વિભાગને તપાસ રીપોર્ટનો તબકકો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૩૭ તા.૧–૨–૧૨ થી ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમણે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ મુજબ તપાસણી મેળવેલ છે કે કેમ ? ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા લાગત અધિકારી/ વિભાગને મોકલ્યાની વિગત જણાવવા છતાં નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા તથા તેમની અપીલમાંનાજણાવેલ અધિકારી–નામો અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા તબદીલી હેઠળ પક્ષકાર બનાવ્યાના આધાર સહ રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ.

જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૨૧૬૯ તા.૧૦–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૭૬૩ તા.૨૧–૧૨–૧૧ થી ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરી, વીજીલન્સ ઓફિસર, ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને કાર્યપાલક ઈજનેર

ઉધનાઝોનને નિયત સમય અવધિ બાદ તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૧૯૪૬ તા.૧૩–૧–૧૨ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે.

જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૬૩ તા.૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૮૦ તા.૧૨–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી/૨૯૫૯ તા.૨૩–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી/૨૩૭૭ તા.૩–૧–૧૨ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારની તા.૮–૧૧–૧૧ અને તા.૧૭–૧૧–૧૧ ની કમિ.શ્રીને કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પાઠવેલ પૂરક પત્રની પાછળ પક્ષકારો બનાવવા એ જાહેર માહિતી અધિકારીનો વિષય છે તેવું જણાવી અરજદારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ દ્રારા આપેલ માહિતીના પત્રોનો ઉલ્લેખ કરેલ છે.

અરજદારની ૧૫–૧૨–૧૧ ની અરજીથી મ્યુ. કમિ.શ્રીને સંબોધીને કરેલ સાત અરજીઓ બાબતે થયેલ ન થયેલ કાર્યવાહી અંગે જવાબદાર અધિકારીઓની વિગત માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૬૩ તા.૨૧–૧૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ (૧) ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરી (૨) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર (૩) ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ (૪) કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં. (૧) અમો ધ્વારા કમિશ્નરશ્રી , સુ.મ.ન.પા.ને સંબોધીને, મધ્યસ્થ કચેરી, સુ.મ.ન.પા., સુરત ખાતે રૂબરૂમાં લેખિત રજુઆત–અરજીઓ આપેલ, જે આપની કચેરીમાં ઈનવર્ડ નં. ૬૦૪૨,૬૧૬૮,૬૧૭૦, ૬૪૨૧, ૬૫૪૬,૬૬૯૬,૬૬૯૭ મુજબ નોંધાયેલ છે, તે તમામ (૭) અરજીઓ અનુસંધાને મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા કરાયેલ કાર્યવાહી કે જે તે અરજી ઉપર કરાયેલ રીમાર્ક તથા ત્યારબાદ જે તે અધિકારીઓ ધ્વારા આજસુધી થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી/૨૩૭૭ તા. ૩–૧–૧૨ થી અનુક્રમ નંબર અરજીનો ઈન્વર્ડ નંબર, મ્યુ. કમિ.શ્રીને અરજી કરેલ તારીખ અને કયા વિભાગ કે અધિકારીને મોકલવામાં આવેલ અને રીમાર્કસ સહિતની માહિતી નીચે મુજબ છે તેવું સમય અવધિમાં જણાવેલ.

| અ.ન. | અરજી નંબર | કયા અધિકારી/વિભાગને કઈ તારીખે મોકલી તેની વિગત | | |
|---|---|---|---|---|
| ૧ | ડી–૬૦૪૨ | મ્યુ.કમિ.શ્રી તા.૦૩–૧૧–૧૧ | વીજીલીન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તા.૦૩–૧૧–૧૧ | |
| ૨ | ડી–૬૧૬૮ | મ્યુ.કમિ.શ્રી તા.૦૮–૧૧–૧૧ | પીએટુ કમિશ્નરશ્રી તા.૦૮–૧૧–૧૧ | |
| ૩ | ડી–૬૧૭૦ | મ્યુ.કમિ.શ્રી તા.૦૯–૧૧–૧૧ | વીજીલીન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તા.૦૯–૧૧–૧૧ | |
| ૪ | ડી–૬૪૨૧ | મ્યુ.કમિ.શ્રી તા.૧૮–૧૧–૧૧ | પીએટુ કમિશ્નરશ્રી તા.૧ ૮–૧૧–૧૧ | |
| ૫ | ડી–૬૫૪૬ | મ્યુ.કમિ.શ્રી તા.૨૪–૧૧–૧૧ | ડે.કમિ.(પીએન્ડડી) તા.૨ ૪–૧૧–૧૧ | શહેર વિકાસ અધિકારીશ્રી તા. ૨૫–૧૧–૧૧ |
| ૬ | ડી–૬૬૯૬ | મ્યુ.કમિ.શ્રી તા.૨૯–૧૧–૧૧ | એડી.સીટી ઈજનેર (ઉધનાઝોન) તા.૩૦–૧૧ –૧૧ | ઝોનલ ઓફિસરશ્રી (ઉધનાઝોન) તા.૦૧ –૧૨–૧૧ |
| ૭ | ડી–૬૬૯૭ | મ્યુ.કમિ.શ્રી તા.૨૯–૧૧–૧૧ | ડે.કમિ.(પીએન્ડડી) તા.૩૦–૧૧–૧૧ (મુળ અરજી)<br>એડી.સીટી ઈજનેરશ્રી (ઉધનાઝોન) તા.૦૧–૧૨–૧૧ (નકલ) | શહેર વિકાસ અધિકારી શ્રી તા.૦૧–૧૨–૧૧ (મુળ અરજી)ઝોનલ ઓફિસર શ્રી (ઉધના ઝોન)તા.૦૧–૧૨–૧૧ (નકલ) |

આમ છતાં સદરહુ અરજી સંદર્ભે મધ્યસ્થ કચેરીમાં મળેલી અરજીઓ જે તે ખાતાના ઝોનને મોકલવા અંગે ખાતામાં થયેલ નોંધ અંગે નિભાવવવામાં આવતા દફતરની તપાસણી કરવા સંદર્ભે રૂબરૂ સંપર્ક કરી શકશો. તેવું જણાવવામાં આવેલ છે.

અરજદારની મ્યુ. કમિ.શ્રીને કરેલ સાત અરજીઓ પૈકી શહેર વિકાસ મધ્યસ્થ વિભાગ તરફથી નિમણુંક નં.૬૫૪૬ની અરજી તેમના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૦ તા.૧૨–૧–૧૨ થી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં અરજદારે રજૂ કરેલ રજૂઆતો પૈકી ઈનવર્ડ નં.૬૫૪૬ થી રજૂ થયેલ અરજી શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્રમાં આવે છે જે અંગે શહેર વિકાસ તરફથી મે. કમિ.શ્રીને રીપોર્ટ કરી મંજુરી મેળવવા આપશ્રીને તા.૧૧–૧–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૪૩૮૩ થી જાણ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અરજદારની સાત અરજીઓ પૈકી ઈન્વર્ડ નં.૬૦૪૨ અને ૬૧૭૦ થી વીજીલન્સ વિભાગને સ્પર્શતી હોઈ તેમને મોકલવામાં આવેલ. જે અંગે થયેલ કાર્યવાહીની જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૯૪૬ તા.૧૩–૧–૧૨ થી ઈન્વર્ડ નં.૬૦૪૨ અને ૬૧૭૦ વીજીલન્સ ખાતામાં આવેલ છે જે અરજીના અનુસંધાને હાલમાં આ કેસ સબંધી તપાસ રીપોર્ટની કાર્યવાહી ચાલુ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) તેમજ આ અરજીઓ અનુસંધાને કોઈ જ કાર્યવાહી ન થયેલ હોય તો આ કાર્યવાહી કરવાની જવાબદારી જે જે અધિકારીઓની થતી હોય તેવા જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૦ તા.૧૨–૧–૧૨ થી મધ્યસ્થ શહેર વિકાસ કક્ષાએથી કાર્યવાહી થયેલ છે. મુદ્દા નં.(૩) આ અરજીઓ અનુસંધાને અમો અરજદારને પ્રત્યુત્તર પાઠવવાની જવાબદારી જે જે અધિકારીઓની થતી હોય તે અધિકારીઓના નામ, હોદ્દા અને પ્રત્યુત્તર પાઠવવાની સમય મર્યાદા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૦ તા.૧૨–૧–૧૨ થી મધ્યસ્થ શહેર વિકાસ કક્ષાએથી પ્રત્યુત્તર પાઠવવાની કોઈ સમય મર્યાદા નકકી થયેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નીચેના કારણોસર તા.૨૩–૧–૧૨ થી અપીલ અરજી કરેલ છે અપીલના મુદ્દા નં.(૧) ઈન્વર્ડ નં.૬૦૪૨ અને ૬૧૭૦ સંદર્ભે કોઈ કાર્યવાહી ન કર્યા હોવાના કારણોની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૯૪૬ તા.૧૩–૧–૧૨ થી અરજદારને બંને અરજીઓ બાબતે કેસ સંબધી તપાસ રીપોર્ટની કાર્યવાહી ચાલુ છે તેવી માહિતી પૂરી પાડેલ હોઈ અરજદારની કાર્યવાહી ન કર્યાના દાવાને સમર્થન મળતું નથી. અત્રે એ પણ સૂચિત છે કે કાર્યવાહી ચાલુ હોય તેવા કિસ્સામાં તે પૂર્ણ થયા પછી નિર્ણય લેવાયા પછી તેવી માહિતી જાહેર કરવા જોગ થાય તેથી હાલના તબક્કે અરજદારની વીજીલન્સ અને જાહેર માહિતી અધિકારી સામેની તકરાર અસ્થાને ગણાય.

(૨) પી એ ટુ કમિ. ધ્વારા ઈન્વર્ડ નં.૬૧૬૮ અને ૬૪૨૧ ના અનુસંધાને કોઈ કાર્યવાહી બાબતે પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાના કારણોની રજૂઆત કરેલ છે. જે બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી ધ્વારા અરજદારને સી/૨૯૫૯ તા.૨૩–૩–૧૨ થી પૂરક વિગતોમાં જણાવેલ વિગત અનુસાર માહિતી માંગતી અરજીમાં દર્શાવેલ રજૂઆત/પત્ર દફતરે નોંધાયેલ જ છે. જે નંબરો અરજદાર તરફથી કચેરીએથી મેળવવામાં આવેલ છે. જે અરજીઓ પ્રસ્થાપિત રીતિ /પ્રથા/યથા પ્રસંગ અનુસાર કમિ.શ્રી ને અથવા / વિભાગીય વડાશ્રી મારફત જે તે ખાતાધિકારીશ્રીઓને મોકલવામાં આવેલ છે. જેની વિગત અગાઉ આપવામાં આવી છે. માંગવામાં આવેલ માહિતી પૈકીની ૨ (બે) અરજી નં.ડી/૬૧૬૮ અને ડી/૬૪૨૧ પી એ ટુ કમિ.શ્રીને મોકલેલ છે. જે અંગે અરજદાર શ્રી તરફથી કમિ.શ્રીની મુલાકાત ન આપવા બાબતે સ્પષ્ટતા માંગવામાં આવેલ. જે માહિતી રેકર્ડ આધારીત ન હોઈ શકે. ઉપરાંત કમિ.શ્રીની મુલાકાત બાબતે મ્યુ. કમિ.શ્રી કચેરીમાં હોય ત્યારે તેમની અનુકુળતા અનુસાર કાર્યભારને ધ્યાને લઈ મુલાકાતીઓને મુલાકાત આપવામાં આવેલ છે જે મુજબ અરજદાર મજકુરને આ બાબતે અગાઉ મુલાકાત આપવામાં આવેલ હોવાનું પીએટુ કમિ.શ્રી તરફથી જાણવા મળેલ છે તેવું જણાવેલ છે.

અપીલના મુદ્દા નં.(૩) જાહેર માહિતી અધિકારીશ્રી જે.એમ. પટેલ ધ્વારા અમારી અરજીઓની વિગતો વંચાણે ન લઈ કોઈ જ કાર્યવાહી કરેલ નથી. તેમજ આર્કી.ને અપાયેલ નોટીસમાં દિન–૭ માં ખુલાસો કરવા જણાવ્યા મુજબ સમય મર્યાદામાં કોઈ જ ખુલાસો નહીં કરાયેલ હોવા છતાં તેઓ વિરુધ્ધ કાર્યવાહી કરેલ નહી તેમજ રાહુલરાજ ટેક્ષ. સીટીનું પ્લાન પાસ વિરુધ્ધનું બાંધકામ દુર કરેલ નહી તેમજ ખોટી રીતે તમામ કાયદાની વિરુધ્ધમાં ખુબ જ મોટી કટકી કરી આ ગેરરિતી રીવાઈઝડ પ્લાન મંજુર કરી પોતે તથા સહ કર્મચારી /અધિકારીઓ વિરુધ્ધ કોઈ જ કાર્યવાહી કરેલ નહીં હોવાના કારણો તથા આ રાહુલરાજ ટેક્ષ. સીટીનું પ્લાન પાસ વિરુધ્ધનું બાંધકામ નિયંત્રણમાં રાખવાની જવાબદારી હોવા છતાં નહીં રાખનાર બેદરકાર અધિકારીઓ (૧) જે.એમ.પટેલ (૨) રાજેષ પંડયા (૩) વિજય બી. દેસાઈ (૪) ગીરીશ ચાંપાનેરી હોવાનું સુરત મહાનગરપાલિકાની કચેરીના પત્ર નં.ટીડીઓ/૮ તા.૬–૫–૧૧ ના રોજથી સ્પષ્ટ જણાવેલ હોવા છતાં અને પોતે પણ અન્ય ત્રણ અધિકારીઓ સાથે દોષિત હોવા છતાં પત્ર નં.૪૩૮૩ થી ખોટી માહિતી પૂરી પાડવાના કારણો અંગેની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ટીડીઓ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૦ તા.૧૨–૧–૧૨ થી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે તેમની અરજીઓ બાબતે થયેલ કાર્યવાહી અંગેની વિગતો માંગવામાં આવેલ છે અને જે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અત્રે તેમની ફરીયાદ અરજી બાબતે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પ્રત્યુત્તર બાબતે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અપીલના મુદ્દા નં.(૪) જાહેર માહિતી અધિકારી ભરત શાહ ધ્વારા ઈન્વર્ડ નં.૬૬૯૬,૬૬૯૭ ની અમારી અરજીઓ સંદર્ભે કોઈ જ કાર્યવાહી નહીં કરવા તેમજ અમોને કોઈ પ્રત્યુત્તર નહી આપવા બાબતની માહિતી પૂરી નહીં પાડવાના કારણો. જે અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૫–૧૨–૧૧ ધ્યાને લેતાં ૧૭–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૩–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ઉધનાઝોનને તા.૨૯–૧૧–૧૧ ની અરજદારની અરજીઓ બાબતે થયેલ અથવા ન થયેલ કાર્યવાહી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ